Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आत्मार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૨ મું
અંક ૧ લો
૧૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૫

परिजूरइ ते सरीरयं
केसा पंडुरया हवंति ते ।
से सोअबले अ हायई,
समयं गोयम ! मा पमायए ॥२१॥

वुच्छिंद सिणेहमप्पणो
कुमुयं सारइअं पाणिअं ।
से सव्वसिणेह वज्जिए,
समयं गोयम ! मा पमायए ॥२८॥

તારું શરીર સર્વ પ્રકારે જીર્ણ થવા લાગ્યું છે, તારા કેશ નેત્રને મનોહર લાગે તેવા શ્યામ વર્ણના હતા તે શ્વેત થવા લાગ્યા છે; તારા કર્ણોની દૂરથી પણ સાંભળવાની શક્તિ હતી તે પણ ક્ષીણ થવા લાગી છે; માટે હે ગૌતમ! સમયમાત્રનો પણ પ્રમાદ ન કર.

શરદ ઋતુમાં ખીલેલુ કમળ જેમ પાણીથી ઉત્પન્ન થવા છતાં નિરાળું રહે છે તેમ તુ મારા પરત્વેની તારી આસક્તિથી અલગ થા અને સર્વ પ્રકારના સ્નેહથી રહિત થઇ હે ગૌતમ! સમયમાત્રનો પણ પ્રમાદ ન કર.

—શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (દ્રુમપત્ર અધ્યયન ૧૦)

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૨ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | जैन धरम प्रकाश सदा जयवंतुं रहो .... | (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૧ |
| ૨ | मंगल पचीशी .... .... | (સંપા. શ્રી મોહનલાલ ગિરધરલાલ) | ૨ |
| ૩ | धर्मका मर्म .... .... .... .... | (રાજમલ ભંડારી) | ૪ |
| ૪ | શ્રી જૈન ધરમ પ્રકાસ વિકાસ પામો .... | (દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) | ૪ |
| ૫ | નૂતન વર્ષાભિનંદન .... .... .... | (શ્રી દીપચંદ જીવણલાલ શાહ) | ૫ |
| ૬ | હિતશિક્ષા છત્રીશી : : ૨૭ .... | (પં શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૭ |
| ૭ | અનુપમ દાંપત્ય .... .... | (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) | ૯ |
| ૮ | આત્મનિરીક્ષણ .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૨ |
| ૯ | પક્ષપદ્ધતિ .... | (અનુ. આ. મ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી મહારાજ) | ૧૫ |


## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ સં. ૨૦૧૨ ના કાર્તિકી પંચાંગ સભાના સભાસદ બંધુઓ તેમજ "શ્રી જૈનધર્મ પ્રકાશ" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મળ્યા છે, જે આ અંક સાથે છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## દુગ્ધપાન: જ્ઞાનપંચમી મહોત્સવ અને પૂજા

સં. ૨૦૧૨ ના કાર્તિક શુદ ૧ ને મંગળવારના રોજ સભાના મકાનમાં જ્ઞાનપૂજન કરવામાં આવેલ, જે સમયે ઘણા સભાસદ બંધુઓએ હાજરી આપેલ તેમજ સભાના પ્રમુખ શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠ તરફથી કરવામાં આવેલ દુગ્ધપાનને ન્યાય આપવામાં આવેલ.

કાર્તિક શુદિ પંચમી ને શનિવારના રોજ સભાના હૉલમાં કલાત્મક રીતે ગોઠવવામાં આવેલ જ્ઞાનના દર્શનનો હજારો સ્ત્રી-પુરુષોએ લાભ લીધેલ તેમજ કાર્તિક શુદિ ૬ ને રવિવારના રોજ સવારના જ્ઞાન સમીપે શ્રી પંચ જ્ઞાનની પૂજા રાગ રાગણીપૂર્વક ભણાવવામાં આવેલ જેનો સારી સંખ્યામાં લાભ લેવામાં આવેલ.

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે

## સંસ્કારનું બાણિતર

અવશ્ય મંગાવો
મૂલ્ય : ચાર આના
લખો :- શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૨ મું
અંક ૧ લો
કારતક
વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

## "શ્રી જૈન ધરમ પ્રકાશ" સદા જયવંતુ રહો

(અહા કેવું ભાગ્ય જાગ્યું–એ રાગ)

જૈનધર્મ મુજને મળ્યો તે, કાંઈક પૂરવ પુન્યથી;
નમું નિત્ય દેવ ગુરુને, સેવા કરું શુભ રીતથી. ૧
ધરું ખરા હું નીતિ ધર્મ, તો જ આ ભવ ઊગર્યો;
રખડ્યો કદી ચૂકયો આ ભવમાં, જો પ્રમાદ કદી કર્યો. ૨
મન મારું મર્કટ અરેરે, ઘડીઘડી બદલાય છે;
પ્રભુ! તારા શુભતાપે, સ્થિર પણ થઈ જાય છે. ૩
કાજળથકી પણ શ્યામ એવાં, કર્મ જે જે મેં કર્યાં;
શઠતા અને અભિમાનથી, જે પાપને શિરે ધર્યાં. ૪
સદા પ્રભુ તુજ ધ્યાનથી, અને તપથી કાયા દહું;
દાદા! ખરો આધાર તારો, શું હવે તુજને કહું? ૫
જગપતિ જગને વિષે, તરણતારણ છો ખરા;
યતનાથકી ભવપાર પામું, દયા લાવો જો જરા. ૬
વંદન તુજને કરું સ્વામી, આજ ભોળા ભાવથી;
તુંહીજ કૃપાથી આ ભવસિંધુ, ઉતરું ચારિત્ર નાવથી. ૭
રટના રટું તુજ નામની ને, સંભારું દશ દિશમાં;
હોશે પ્રગટ પુણ્ય ભાસ્કર, ચોવીસસો બ્યાશીમાં. ૮

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मंगल पच्चीशी

સંપાદક : શ્રી મોહનલાલ ગિરધરલાલ-પાટણ

વિ. સં. ૨૦૧૨નું નૂતન વર્ષ મંગળવારના રોજથી શરૂ થાય છે તે પ્રસંગને અનુલક્ષીને પાટણનિવાસી શ્રી મોહનલાલભાઈએ તેમના પિતાશ્રીના હસ્તલિખિત સંગ્રહમાંથી મંગલ પચ્ચીશી લખીને મોકલી આપી છે. જેમાં ચાર માંગલિકો દર્શાવી ધર્મના મહિમાનું દિગ્દર્શન કરાવ્યું છે, જે વાંચતા તેમજ મનન કરતાં વાચકવર્ગને મંગળમય નીવડે તેવી શુભેચ્છા સહ આ પ્રાચીન કાવ્ય અત્રે પ્રકાશિત કરવામાં આવેલ છે.

卐

સરસતી માતા સાર જ કરો, અમૃત વચન મુજ હીયડે ધરો;
પંચ પરમેષ્ઠી કરો પ્રણામ, વળી સંભારો સદ્ગુરુ નામ. ૧

મંગલિક ચાર કહ્યાં જિનરાય, તસ સમરણ કીજે ચિત લાય;
અતીત અનાગત ને વર્તમાન, બોંતેર જિનના ધરજો ધ્યાન. ૨

વિહરમાન વિચરે જિન વીશ, તસ નામે સવિ ફલે જગીશ;
શાશ્વતા જિન સમરો ચાર, સરવાળે છન્નું નિરધાર. ૩

એ છન્નું જિનવર ગુણગ્રામ, પ્રભાત સમે નિત્ય લીજે નામ;
હવે બીજો મંગલિક એ સાર, પુંડરીક આદે ગણધાર. ૪

ચરમ તીર્થંકર એ પ્રધાન, શ્રી ગોયમ લબ્ધિનિધાન;
સૂત્ર સિધ્ધાંતમાં સંખ્યા એહ, ચૌદસે બાવન ગુણગેહ. ૫

ત્રીજો મંગલિક માની ગ્રંથ, ધરમતણા જે સાધે પંથ;
સત્તર ભેદ સંયમના પાળ, પરિષહ સહે થઇ ઉજમાળ. ૬

જ્ઞાન સહિત ક્રિયા કરે રંગ, સત્તાવીસ ગુણ ધરીયા અંગ;
વિષય કષાયતણો પરિહાર, દોષ રહિત લીએ શુદ્ધ આહાર. ૭

બેસી કનક કમલ વિચાલ, આગમ વયણ વદે કૃપાલ;
જંગમ તીરથ કહીએ એહ, પર ઉપગારી રવિ શશિ મેહ. ૮

એવા ગુરુ સેવો થઈ સાવધાન, તારણતરણ જહાજ સમાન;
અઢી દ્વીપમાં જે અણગાર, સ્થૂલીભદ્ર આદે તેહ સંભાર. ૯

મંગલિક ચોથો જૈન ધર્મ, તેથી ક્ષય થાયે અષ્ટ કર્મ;
ધર્મતણા જે ચાર પ્રકાર, દાન શિયલ તપ ભાવના સાર. ૧૦



For Private And Personal Use Only

જૈન ધર્મનો મહિમા ઘણો, સંક્ષેપે કહીશ્યું તે ભવી સુણો;
ધર્મથકી હોય નવનિધાન, ધર્મથકી લહીએ બહુમાન. ૧૧

ધર્મથકી સજ્જન સંયોગ, ધર્મથકી લહીએ બહુ લાભ;
ધર્મથકી સવિ આરતી ટળે, ધર્મથકી મનવંછિત ફલે. ૧૨

ધર્મથકી લક્ષ્મી અપાર, ધર્મથકી ઘર રૂડી નાર;
ધર્મથકી સઘળે જય વરે, ધર્મથકી ચિંતે તે કરે. ૧૩

ધર્મથકી કીરતિ વિસ્તરે, ધર્મથકી આઠે ભય હરે;
ધર્મથકી વૈરી વશ હોય, ધર્મથકી સુખીયા સહુ કોય. ૧૪

ધર્મથકી સુરનર કરે સેવ, ધર્મથકી મંગલ નિતમેવ;
ધર્મથકી સેના ચતુરંગ, ધર્મથકી મંદિર ઉત્તંગ. ૧૫

ધર્મથકી માનવ અવતાર, ધર્મથકી ઉત્તમ કૂળ સાર;
ધર્મથકી કાયા નિરોગ, ધર્મથકી સદ્‌ગુરુ સંયોગ. ૧૬

ધર્મથકી લહે લીલવિલાસ, ધર્મથકી શિવસુખ હોય ખાસ;
ધર્મથકી તીર્થંકર હોય, શ્રી સિધ્ધાંત સંભાલી સોય. ૧૭

દુલહો દશ દ્રષ્ટાંતે સાર, શ્રાવક કુલ પામ્યો અવતાર;
હવે જપી લે પ્રભુનું નામ, કરો ધરમ ભવદુઃખ મીટ જાય. ૧૮

મંગલિક ચારતણા એ નામ, ચિત્તમાં ધરજો તીરથ ઠામ;
શ્રી સિદ્ધાચલને ગિરનાર, આબૂ તારંગો મનોહાર. ૧૯

સમેતશિખર સિદ્ધા જિન વીસ, અષ્ટાપદ સમરો નિશદિશ;
પારકરમાં ગોડી જિનરાય, વરણ અઢારે સેવે પાય. ૨૦

વઢીયારે શંખેશ્વર ધણી, તસ કીરતિ છે જગમાં ઘણી;
એ આદિ તીરથ વિશાલ, તે સંભાલો થઇ ઉજમાલ. ૨૧

શાશ્વતી અશાશ્વતી પ્રતિમા જેહ, સ્વર્ગ મૃત્યુ પાતાલે તેહ;
નાની મોટી પ્રતિમા કહી, ભવિયણ ભાવે પ્રણમો સહી. ૨૨

શાસનનાયક વીર જિણંદ, મુખ સોહે પુનમચંદ;
કર જોડીને માગું યેહ, મુજને કહી એમ દેશ્યો છેહ. ૨૩

સિદ્ધ વેદ નાગ શશિ લહી*, સંવત્સર એ સંખ્યા કહી;
ઈંદ્રભૂતિ કેવલ દિન જાણ, મંગળ પચ્ચીશી થઈ પ્રમાણ. ૨૪

ભણશે ગણશે જે પ્રભાત, મંગળમાળા લહે સુખસાત;
હીરવર્ધન સુગુરુ સુપસાય, ખેમવર્ધન નિત્ય નિત્ય ગુણ ગાય. ૨૫

---

* સંવત ૧૮૪૮ માં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## धर्म का मर्म

सुकरतव्य का पालन करना हीं, जगमें धर्म कहाता है।
करतव्य विमुख जो होता है, वह अधर्मको अपनाता है ॥१॥
इसी लिये करतव्य बताने, महापर्व वह आते है।
निज गौरव व आत्म धर्म का, निज को भान कराता है ॥२॥
अनादिकाल से भान भूलकर, पर को अपना माना है।
निज शरीर व धन कुटुंब को, अपना ही तो जाना है ॥३॥
हम क्या है? और जगत क्या है? क्यों आये है क्या करना है?
क्या वस्तु यहांपर रहना है? क्या वस्तु यहां से भरना है? ॥४॥
सच्चिदानंद कहते जिनको, उनमें हममें क्या अन्तर है?
निजमें ही इस तत्त्व को लखना, यह सबमें श्रेष्ठ व सुन्दर है ॥५॥
'धर्म का मर्म,' समज लेना, आसान भी है मुश्किल भी है।
धर्म के मर्म को जाने बिना, वह जीना भी तो मुश्किल है ॥६॥
जीस जीस वस्तु का जो स्वभाव है, वह उसका धर्म कहाता है।
जैसे जल का शीतल और अग्नि का, उष्ण ही मानाजाता है ॥७॥
'वस्तुस्वभावो धम्मो' यह स्पष्ट, नीतिकार बतलाता है।
श्रेष्ठ धर्म का मर्म यही है, जो अनुभवमें नित आता है ॥८॥
आत्मवत् सर्वभूतेषु, यह आत्मस्वभाव जतलाता है।
सडन पडन विध्वंस स्वभाव हीं, देह का माना जाता है ॥९॥
आत्म स्वभाव ही मर्म धर्म का, इसको ही विकसाना है।
जीससे बने आत्म यह परमातमा, येही लक्ष्य बनाना है ॥१०॥
तप जप संयम शुभ आराधन, इसका प्रतिक ही माना है।
राज धर्म का मर्म समजकर, मानवसे महान् बन जाना है ॥११॥

राजमल भण्डारी

卐 જૈન ધરમપ્રકાશ વિકાસ પામો 卐

જૈન ધર્મની અહિંસા હમેશાં ઉજ્જવળ જ છે.
નદીના ધીર, ગંભીર ને શાંત, પવિત્ર વાતાવરણની માફક ગંભીર બનવું જોઇએ.
ધર્મરક્ષા એ કર્તવ્ય દરેક શાસ્ત્રોએ કહેલું જ છે.
રમતા રમતા બાળ વીર પ્રભુએ સર્પને દૂર ફેંકી દીધો, પ્રભુની એ કેવી નીડરતા!
મહાન્ પુરુષોએ જગતને હંમેશા શાંતિ ને અહિંસાનો જ પાઠ આપ્યો છે.
પ્રકાશ મેળવતા પહેલાં અંધારાનો અનુભવ તો કરવો જ પડે ને!
કારાવાસના કારમા દુઃખો ભોગવવા એ દુષ્ટ કર્મનું પરિણામ છે.
શઠની મિત્રતા રાખવી જોઇએ નહિ.
વિજ્ઞાનની આગેકૂચ વધતા ઘણા યંત્રો વધી પડયા છે!
કાર્ય કરતા પહેલાં વિચારવાથી લાભ થાય જ છે.
સમતા રાખવી એ મોટો સદ્ગુણ છે.
પારમાર્થિક કાર્યો કરવા માટે જ મહાપુરુષો વિચરતા.
મોક્ષના અનંત સુખો મેળવવા સંસારત્યાગ કરવો જોઇએ.

દોશી
દુર્લભદાસ ત્રિભોવનદાસ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતનવર્ષાભિનંદન

'શ્રી જૈન ધર્મ પ્રકાશ' માસિક વિ. સં. ૨૦૧૨ માં બોંતેરમા વર્ષમાં પ્રવેશ કરે છે. અત્યાર સુધી માસિકે પોતાની નિયમિતતા સાચવી છે. હજી કાગળો તથા પ્રિન્ટીંગના ભાવ ઘણા ઊંચા છે એટલે વધારે પ્રમાણમાં આપવા ધારેલા વાંચનની ઇચ્છા બર આવી શકી નથી. માસિકને સુવાચ્ય એવું વાંચન આપવા માટે ગદ્ય તથા પદ્ય લેખો મોકલી આપી, પં. શ્રી ધુરંધરવિજયજી ગણિ, શ્રી બાલચંદ્ર હીરાચંદ ("સાહિત્યચંદ્ર") શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી, શ્રી હીરાલાલ રસિકદાસ કાપડીયા, ડૉકટર ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા તથા અન્ય લેખક બંધુઓનો આ તકે અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

સાહિત્ય પ્રકાશનમાં ઊંચા ભાવો ખૂબ અંતરાયરૂપ રહે છે. સમાજની રુચી પણ આવા સાહિત્યના વાંચન ઉપર નથી એટલે મોટા ભાગની નકલો પડતર રહે છે અને નાણાંનું રોકાણ થઇ જાય છે. ગત વર્ષમાં આપણી સભાના પેટ્રન (કલકત્તાનિવાસી) શ્રીયુત મણિલાલ વનમાળીદાસ શેઠ દ્વારા તેઓશ્રીના સાસુ સ્વ. અંબાબાઈના શ્રેયાર્થે રૂ. એક હજાર પુસ્તક પ્રકાશન માટે મળેલ. આ રકમમાંથી સભાએ ચોસઠ પ્રકારી પૂજા અર્થ સહિતનું પુસ્તક જે અપ્રાપ્ય હતું તેની ત્રીજી આવૃત્તિ છપાવેલ છે. બીજું પ્રકાશન શ્રીયુત અમૃતલાલ પ્રાણજીવનદાસ મહેતાએ પોતાના સ્વ. માતુશ્રી મણિબાઈના પુન્યાર્થે આપેલ રૂ. અઢીસોની મદદથી બારવ્રતની પૂજા અર્થ સહિતની જે પણ સીલીકમાં નહોતી તેની બીજી આવૃત્તિ છપાવીને કર્યું હતું. તેવી જ રીતે ત્રીજું પ્રકાશન શ્રીયુત વાડીલાલ જીવરાજ તરફથી તેઓશ્રીના પિતાશ્રીના કલ્યાણાર્થે આપેલ મદદથી શરૂ થયું છે. આ મદદ શ્રી શામજી હેમચંદ માસ્તરની પ્રેરણાથી થયેલ છે એટલે તેઓનો આભાર માનીએ છીએ અને આવા સમાજોપયોગી સાહિત્યના પ્રકાશન અંગે વધુ ને વધુ નાણાંકીય સહાય અપાવવામાં દરેક સાહિત્યપ્રેમી પોતાનો યોગ્ય ફાળો આપે તેવી આશા રાખીએ છીએ. શ્રી વાડીભાઇની મદદથી છપાતું 'પ્રાતઃસ્મરણ અને સ્નાત્રપૂજા' પુસ્તક પ્રકાશિત થયે ગ્રાહકબંધુઓ તથા સભાસદબંધુઓને ભેટ તરીકે મોકલી અપાશે.

ગત વર્ષમાં ભાવનગરના શ્રી સંઘે પોતાનું પાકું બંધારણ પસાર કરેલ છે. આ બંધારણ મુજબ અત્યારના સમિતિઓ નીમી વહીવટ ચલાવાય છે. વહીવટને વધુ વ્યવસ્થિત કરવાના થતા દરેક પ્રયાસો ઉત્તેજનને પાત્ર ગણાય.

બીજો મહત્વનો બનાવ ભારતના સકળ સંઘોનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ આપણા મંદિરોમાં જૈન-જૈનેતરને મંદિરપ્રવેશની છૂટ આપી તે છે. દેશ-કાળને અનુસરી દૂરંદેશી વાપરી આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની માન્યતા આ નિર્ણયની પાછળ લાગે છે. જો કે આપેલ છૂટથી ઉત્સાહ મંદ પડ્યો હોઈ હજી સુધી આપણા મંદિરોમાં હરિજનોએ પ્રવેશ કરેલ નથી. જૈન ધર્મના આચાર-વિચારને માન અપાય અને વહીવટની સુરક્ષા સચવાય તેવી તકેદારીની આવશ્યકતા ઓછી ન ગણી પૂજ્ય આચાર્યદેવોની સલાહ મેળવી યોગ્ય નિયમો પણ આના અંગે બહાર પાડવા જોઇએ.

સભામાં દર અઠવાડીયે અભ્યાસ મંડળનો એક કલાસ ચાલે છે. ધાર્મિક જ્ઞાન મેળવવામાં પુખ્તવયના ગૃહસ્થોને રસ ઉત્પન્ન કરાવવામાં આ કલાસ ખૂબ મદદરૂપ થયો છે. માસ્તર સાહેબ શામજી હેમચંદ દેસાઈ શ્રીમદ્ આનંદઘનજીના સ્તવનો ઉપર સુંદર શૈલીથી વિવેચન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. પચાસેક જેટલા સભ્યો હાજરી આપે છે. આ કલાસમાં હજી વધુ ને વધુ સભ્યો હાજરી આપે અને ધાર્મિક સાહિત્ય તરફ વિશેષ ને વિશેષ રુચિ પ્રગટે તેવી અભિલાષા રાખીએ છીએ.

વિજ્ઞાન આજે આગેકૂચ કરી રહ્યું છે તેવા સમયમાં રગશીયા ગાડાની જેમ કોઈ પણ સમાજ ચાલી શકશે નહીં. ગત પર્યુષણપર્વ દરમ્યાન શ્રી નવાપરા મિત્ર મંડળે પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવી જૈન–જૈનેતર વિદ્વાનોના અત્યારના સમયને અનુકૂળ વિચારો જાણવાનો પ્રસંગ મેળવી આપ્યો હતો. જૂનું બધું છોડી નવું બધું અપનાવવાનો આગ્રહ કોઈએ પણ ન રાખવો જોઈએ. જૂનામાંથી સમયાનુકૂળ લઈ નવામાંથી અનિચ્છનીય બાદ કરી ઉપદેશની પ્રથા જો અપનાવવામા આવે તો સમાજની પ્રગતિ નિર્વિઘ્ને થયા કરે.

મુંબઈ ધારાસભામાં શ્રી પ્રભુદાસ પટવારીએ 'બાલદીક્ષા પ્રતિબંધક' બીલ રજૂ કર્યું હતું. ધારાસભાએ પહેલાં વાંચનમાં તે બીલ પસાર કરી જાહેર જનતાના અભિપ્રાયાર્થે ફેરવવાનું નક્કી કર્યું છે. આ પ્રશ્ન ઘણા લાંબા સમયથી ચર્ચાતો આવે છે આ બીલ જૈનો પૂરતું જ છે તેમ નથી પરંતુ જૈન–જૈનેતર દરેક માટે છે. આના અંગે આપણી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે ઠરાવ કરેલ છે. અમદાવાદ મુકામે 'સાધુ સંમેલને' પણ ચોક્કસ મર્યાદાઓ ઠરાવી છે. ભાવનગરના શ્રી સંઘે પણ બાળદીક્ષા નહીં આપવાનો ઠરાવ કરેલ છે આ રજૂ થયેલ બીલ સંબંધી લાગતાવળગતા પક્ષોનું પ્રચારકાર્ય ચાલે છે. શાસ્ત્રાનુસાર દેશ-કાળને અનુરૂપ સમાજની પ્રતિષ્ઠાને આંચ ન આવે અને આપણો સાધુ–સાધ્વી વર્ગ વગોવાય નહીં તે રીતે નિર્ણય કરવા જોઈએ. થોડો લાભ થતો હોય એટલે પેંડો મળતો હોય તો પણ સમજુ માણસો કડલી ન કાઢી આપે તે રીતે વધુ થતો ગેરલાભ અટકાવવો જોઈએ. આ પ્રશ્ન અંગે આપણા પૂજ્ય આચાર્યદેવો તથા મુનિમહારાજો જુદું જુદું મંતવ્ય ધરાવે છે એટલે સમાજને સ્વતંત્ર નિર્ણય લેવામાં ખૂબ અથડામણમાં આવવું પડે છે. આવા બીલો બીજી ધારાસભાઓ તથા મધ્યસ્થ ધારાસભામાં પણ રજૂ નહીં થાય તે કેમ કહી શકાય? એટલે આ સંબંધમાં આપણા પૂજ્ય ગુરુદેવો તથા અગ્રણી સંસ્થાના પ્રતિનિધિઓએ મળી સમાજને યોગ્ય દોરવણી આપવી જોઈએ.

આપણી સભાના પ્રમુખ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલ શેઠે ભાવનગરમાં ઇન્ટરમીજીએટ આર્ટસ કોલેજ ઊઘાડવા માટે રૂ. બે લાખનું દાન આપેલ છે. આ કોલેજનો શિલારોપણ વિધિ આપણા લાડીલા ભારતના વડાપ્રધાન પંડિતશ્રી જવાહરલાલ નેહરુને શુભ હસ્તે તા ૧ લી નવેમ્બરના રોજ થયેલ છે. આવા દાન માટે સભા ગૌરવ અનુભવે છે અને તેમને અભિનંદન આપે છે. કેળવણીના ક્ષેત્રે તેઓ વધુ ને વધુ દાન આપતા રહે તેવી આશા રાખવામાં આવે છે.

ભારત સરકારને આજે કોઈ પણ પ્રશ્ન વધુ ગુંચવણભર્યો લાગતો હોય તો તે 'બેકારી'નો છે. આ પ્રશ્ન 'વૈશ્ય' કોમને ખાસ લાગુ પડે છે. એક કે બે માણસની આવક ઉપર આઠ-દસ માણસોનો નિભાવ આ બદલાતા નવનિર્માણમાં અનુરૂપ નથી. શ્રમની હાંસી કરવી હવે નહીં પાલવે. દરેક ઉમર લાયક સ્ત્રી-પુરુષે પોતાને યોગ્ય ઘરની આવકમાં મદદરૂપ થવું પડશે અને થતા ખોટા ખર્ચા બંધ કરાવવા જોઈશે. 'ડાહ્યા દીકરા' તરીકેના મળેલ બિરુદવાળા આપણે ઊગતા રોગને પહેલે તબક્કે (First Stage) અંકુશમાં નહીં લેતા બીજા તબક્કાયાં જવા દેવાની મૂર્ખાઈ તો નહીં કરીએ. શ્રીમંતોએ જેમ દાનનો પ્રવાહ બદલવાની જરૂર છે તેમજ મધ્યમ વર્ગે પણ પોતાના ખોટા ખર્ચા બંધ કરી, કુટુંબની આવકમાં થોડો પણ વધારો કરી શ્રીમંતોના દાન ઉપર આધાર રાખવાનું ઓછું કરવું.

નૂતન વર્ષ સર્વ લાઈફ મેમ્બરોને, વાર્ષિક મેમ્બરોને અને ગ્રાહક બંધુઓને સુખમય અને આનંદમય નીવડો એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું અને "પ્રકાશ"ના લેખકો તેમજ દાનવીર ગૃહસ્થોનો સહકાર સભાને મળ્યા કરશે તેવી અભિલાષા રાખું છું.

દીપચંદ જીવણલાલ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હિતશિક્ષા–છત્રીશી

લેખાંક : ૨૭ :

લેખક:–પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

(૨–૩)

પૂર્વે ખાવાને અંગેની વશી શિખામણો આપી. ખાવા અંગેના દોષો છભ કરાવે છે. એ પ્રમાણે બોલવાના દોષો પણ છભ કરાવે છે. એટલે તે દોષો દૂર કરવા માટે તેના બે મોટા દોષો છોડવાનું કહે છે.

જૂઠું બોલવું નહિ અને નિંદા કરવી નહિ. જે વસ્તુ જે પ્રમાણે છે નહિ–બની નથી તેને તેવારૂપે કહેવા તેથા પોતે અને તે પ્રમાણે સત્ય સમજતો સામો એ બન્ને ઠગે છે. જૂઠું બોલવું એ પાપ છે તેમ જૂઠું સાંભળવું એ પણ પાપ છે. જૂઠું બોલવું અને એઠું ખાવું એ બે લગભગ મળતા છે. સજ્જન અને સભ્ય તરીકે ગણાવું હોય તો પણ જૂઠું બોલવાનું છોડી દેવું જોઈએ. એક અસત્ય સર્વ નિયમોનો નાશ કરવા માટે બસ છે, એટલે જો કોઈ પણ નિયમ રુચતો હોય તો અસત્યને દૂર કરવું જરૂરી છે

એક શેઠને એક પુત્ર હતો, તે બધી વાતે પૂરો હતો. શેઠ તેને સુધારવા માટે ઘણું કરતા હતા પણ તે કોઈ રીતે સુધરતો નહિ. શેઠ તેને સારાસારા મિત્રોના સમાગમમાં મૂકતા કે તેથી કદાચ તે સુધરે. તે સજ્જન મિત્રો તે શ્રેષ્ઠિપુત્રને એક સાધુ મહારાજ પાસે લઈ ગયા. મુનિરાજે હિતોપદેશ આપ્યો, મિત્રોએ શ્રેષ્ઠિપુત્રને કાંઈક સુધારવા માટે નિયમ લેવા કહ્યું. પેલા ભાઈએ જાણે મહારાજની એક એક વાત પોતાને રુચિ ગઈ છે તેવો દેખાવ કરીને બધા વ્યસનો–બૂરી આદતો ત્યજી દેવાના નિયમો લીધા. મિત્રો આશ્ચર્ય પામી ગયા પણ નિયમ લેતાં પહેલાં શ્રેષ્ઠિપુત્રે મુનિરાજને જાણે પોતે શરમાતો ન હોય એ રીતે કહ્યું કે–મહારાજ! બધા નિયમો હું લઈશ પણ એક અસત્ય બોલવાની બાધા હું નહિ લઈ શકું. એટલે એ સિવાયના બધા નિયમો મને કરાવો. સરલ હૃદયના સાધુ મહારાજે અસત્ય બોલવા સિવાયના બધા નિયમો આપ્યા. નિયમ લઈને તે ઊઠ્યો, મિત્રો પણ ઊઠ્યા. બહાર ન આવ્યા એટલામાં તો તે હતો તે પ્રમાણે જ ચાલુ થઈ ગયું. મિત્રોએ કહ્યું કે–ભાઈ! હજુ ક્ષણ પહેલાં તો તેં નિયમો લીધા છે ને આ શું! પણ તે ગણકારે તોને! કેટલાક દિવસો બાદ ફરી તેને લઈને મિત્રો મુનિરાજ પાસે ગયા. મુનિરાજે ઉપદેશ આપ્યો. મિત્રોએ કહ્યું કે-મહારાજ, આપના આપેલા નિયમોમાંથી એક પણ નિયમ આ ભાઈ પાળતા નથી. મહારાજે કહ્યું: ભાઈ! નિયમ લઈને તોડવાથી ઘણું પાપ લાગે, માટે નિયમ લઈને પાળવા જોઈએ. પેલા શ્રેષ્ઠિપુત્રે કહ્યું કે "મહારાજ! આપ કહો છો તે સત્ય છે–પ્રમાણ છે. પણ મેં નિયમ લઈને તોડ્યા જ નથી, કારણ કે હું નિયમ લેતો નથી. મેં નિયમ લીધા નથી. લીધા હોય તો તૂટેને!" મુનિરાજે આ સાંભળી કહ્યું કે "ભાઈ! આવું જૂઠું બોલે છે? તે દિવસે તેં કેટલા નિયમો લીધા હતા?" તેણે કહ્યું કે–"મહારાજ! આપ કહો છો તે બરાબર છે. પણ મેં નિયમો લીધા ન હતા, આપે કહ્યું કે જૂઠું બોલે છે પણ તે નહિં બોલવાનો નિયમ કદી નથી લીધો." મુનિરાજ સમજી ગયા ને પ્રયત્ન છોડી દીધો. આમ એક જૂઠું બોલનાર માણસ કદી પણ સુધરી શકતો નથી. તેના દુર્ગુણોની પરંપરા ચાલુ જ રહે છે, કારણ કે તે સત્ય કહે તો તે સુધરેને!

બીજા દુર્ગુણોની જેમ જૂઠું બોલવાનો દુર્ગુણ બાલ્યાવસ્થાથી ઘર કરી જાય છે, પછી તે દૂર કરવો ભારે થઈ પડે છે. કેટલાક અસંસ્કારી માત–પિતાઓ બાળકને જૂઠું બોલવાની ટેવ પડાવે છે ને પછી વખત જતાં બાળકની તે ટેવ પોતાને જ ભારે થઈ પડે છે.

માણસ ક્રોધથી, લોભથી, ભયથી અને હાસ્યથી અસત્ય બોલે છે. જ્યારે જ્યારે જૂઠું બોલવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે જો તેનાથી બચવું હોય તો ઉપરના ચારમાંથી કોઈ પણ કારણ જરૂર તેના મૂળમાં હોવું જોઈએ તે તપાસીને તે કારણ દૂર કરી દેવું. કારણ દૂર કરી દીધા પછી જૂઠું બોલવાનું નહિ રહે.



For Private And Personal Use Only

અને કારણુ હશે ત્યાં સુધી અસત્ય ખસશે નહિ. એક જૂઠું સો જૂઠા ઊભા કરે છે. એ સર્વ જૂઠાણાને જન્મ આપવા માટે ઘણી શક્તિનો દુર્વ્યય કરવો પડે છે. જ્યારે સત્ય બોલનારને એવું કાંઇ કરવું પડતું નથી. તેને તો ગમે ત્યારે એક સરખું કહેવું છે એટલે તેને બીજી કોઇ મૂંઝવણુ રહેતી નથી. સત્ય તે પ્રકાશ છે અને અસત્ય અંધારું છે. સત્યના પ્રકાશમાં જે વસ્તુ જેવી હોય તેવી સ્પષ્ટ દેખાય છે અને અસત્યના અંધારામાં ઘણાં ફાંફાં મારીએ તો પણ વસ્તુ બરાબર હાથમાં આવતી નથી. જૂઠનો સદંતર ત્યાગ કરવો.

અસત્યની સગી બહેન નિંદા છે. નિંદા પોતાની નહિ પારકી. પરની નિંદા જ્યાં હોય ત્યાં વગર બોલાવે અસત્ય ઘૂસી જાય છે. નિંદાનો રસ એટલો ભયંકર છે કે તે વળગ્યા પછી છૂટી શકતો નથી, છોડવો મુશ્કેલ પડે છે. એટલે તે રસનો સ્વાદ લેવાનો લોભ જ રાખવો નહિ. નિંદા કરનારની કેવી સ્થિતિ થાય છે તે નીચેની એક વાત ઉપરથી સમજાશે.

એક નગરમાં એક શેઠ હતા. શેઠ ઘણા જ ઉદાર-દાનેશ્વરી. શેઠની મોટી હવેલી. તેમને ત્યાં આવેલો કદી પાછો ન ફરે. શેઠની હવેલી સામે જ રસ્તાની સામી બાજુએ એક નાનું ઘર ને તેમાં એક ડોશી રહે. ડોશી બીજું ઘણુ કરે પણ તેને પારકી નિંદા કરવાની ઘણી જ બૂરી આદત. વાતવાતમાં હાલતા-ચાલતા સામેના શેઠની નિંદા કર્યા કરે. સવાર-સાંજ શેઠની નિંદા ન કરે તો ડોશીને ખાધું ન પચે. લોકો ડોશીની ટેવ જાણી ગયેલા એટલે બહુ ધ્યાન ન આપે-બોલવા દે. શેઠને પણ તેની કાંઇ પડી ન હતી. તે તો પોતાના કર્તવ્યમાં મશગૂલ રહેતા. આમ વર્ષો થયા ચાલતું. તેમાં એક દિવસ એક વિચિત્ર પ્રસંગ બની ગયો. એક પરદેશી કાપડી-મુસાફર તડકાનો તપેલો કાપડની ગાંસડી ઉપાડીને ચાલ્યો આવતો હતો તે શેઠની હવેલી પાસે આવ્યો. શેઠ પણ બહાર બેઠા હતા. તે વખતે એક ભરવાડણ દૂધ-દહિં વેચવા આવી. શેઠે મુસાફરને બેસાર્યો, તે ભૂખ્યો ને તરસ્યો થયો હતો એટલે ભરવાડણ પાસેથી દહિં ખરીદીને મુસાફરને આપ્યું. ભરવાડણને પૈસા ચૂકાવી આપ્યા ને તે લઇને તે ચાલતી થઇ. મુસાફરે દહિં ખાધું ને તે ત્યાં ને ત્યાં મરી ગયો. અજાણ્યો મુસાફર આમ શાથી મરી ગયો તે શેઠને પણ સમજાણું નહિ. લોકો એકઠા થઇ ગયા. મુસાફરની કાપડની ગાંડડીની અને તેના શરીરની શેઠે વ્યવસ્થા કરાવી. પેલી ડોશીને તો ઠીક મળી ગયું એટલે જે આવે તેને કહે કે-" જોયું ? શેઠે પેલા મુસાફરને મારી નાખ્યો ને તેની ગાંડડી ઘરમાં લઇ લીધી, આમ ને આમ પૈસા એકઠા કર્યા છે, પછી દાન ન કરે તો શું કરે ! " આમ ડોશી નિંદા કરતી હતી. વાત એમ બની હતી કે-ભરવાડણની દહિંની હાંડલીનું ઢાંકણું પવનથી ઉડી ગયું હતું ને ઉપરની હાંડલી ખુલ્લી થઇ ગઇ હતી. તેમાં એક સમડી એક સાપને પકડીને આકાશમાં લઇ જતી હતી. સાપના મોઢામાંથી ગરલ ટપકતું હતું તે દહિંમાં પડ્યું. તે દહિં મુસાફરે ખાધું ને મુસાફરનું મરણ થયું. મુસાફરની હત્યા થઇ એ નક્કી પણ એ હત્યા લાગે કોને! એ પ્રશ્ન વિચિત્ર થઇ પડ્યો. શેઠ તો દયાળુ ને દાનેશ્વરી હતા, એટલે હત્યા તેને ન લાગે. ભરવાડણને પોતાનું ઢાંકણું ઊડી ગયું છે ને આમ બન્યું છે તેની ખબર ન હતી એટલે તેને ન લાગે. સમડી તો પોતાનો આહાર લઇ જતી હતી અને સાપ પરવશ સ્થિતિમાં હતો. આમ મુસાફરની હત્યામાં સીધા સંપર્કમાં આવેલા ચારે જણા નિર્દોષ હતા. આ ઉપસ્થિતિમાં હત્યા મુંઝાતી હતી કે મારે કોને વળગવું ! તેવામાં નિંદા કરતી ડોશી તેના હાથમાં આવી. હત્યા તેને વળગી ને ડોશી કાળી મેશ જેવી થઇ ગઇ.

નિંદા વગર લેવેદેવે બીજાના પાપો પોતાને વળગે એવી સ્થિતિ ઉત્પન્ન કરે છે, માટે પરનિંદાનો ત્યાગ કરવો.

( ૪ )

ઉપરની સર્વ શિખામણોની પાછળ કોઇ મહત્ત્વનો આશય હોય તો તે હિંસા છોડવાનો છે. હિંસા એ સર્વ દોષોમાં મુખ્ય દોષ છે. હિંસા છૂટી જાય તો દોષ માત્ર છૂટી જાય છે ને હિંસા ચાલુ છે તો બીજા દોષ હોય કે ન હોય તેની કાંઇ કિંમત નથી. એટલે હિંસાનો ત્યાગ કરવો. મનુષ્ય જન્મ જો સફળ કરવો હોય તો હિંસાના પચ્ચખ્ખાણ કરવા-હિંસા જ બધા પાપ કરાવે છે. જેટલે અંશે હિંસાનો ત્યાગ તેટલે અંશે ધર્મ અને હિંસાની વૃદ્ધિ જેટલી તેટલી પાપની વૃદ્ધિ. હિંસાનો સર્વથા-સદન્તર-સદાને માટે ત્યાગ તેનું નામ મોક્ષ. ( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુપમ દાંપત્ય

લેખક : મોહનલાલ દીપચંદ ચોકસી

**શુદ્ધ હૃદયનો નિયમ**

પૂજ્ય ગુરુ મહારાજશ્રી, આપની દેશના સાંભળી. એમાં આપે ઘણી ઘણી જાણવા જેવી વાતો કહી. કર્મોમાં **મોહનીય કર્મ**ને જીતવું ભારે બતાવ્યું, ઇંદ્રિયોમાં **રસના**ને જીતવી કઠીણુ દર્શાવી, કષાયોમાં, લોભની દશા એવી મુશ્કેલીભરી જણાવી, અને વ્રતપાલનમાં આપે અતિ કષ્ટ **બ્રહ્મચર્ય વ્રતના** પાલનમાં બતાવ્યું. હું એ અંગે સવિશેષ જાણવા ઇચ્છું છું. વ્યવહારમાં એમ કહેવાય છે કે કાળા માથાના માનવીને કંઇ જ અશંકય **નથી**; અને અડચણો આવે છતાં માનવ જો ખંતથી પોતાનો પ્રયાસ જારી રાખે તો એના માટે **અસંભવિત** જેવું ભાગ્યેજ કોઇ કાર્ય આ ધરતી પર દ્રષ્ટિગોચર થાય છે. આપ પણ વિજયશ્રીનો સદંતર નિષેધ નથી કરતા એટલે જો એ સંબંધમાં વધુ પ્રકાશ પાડો તો મારા સરખો યુવાન એ અંગે પુરુષાર્થ કરવા અભિલાષા ધરાવે છે.

વત્સ, તારા વિચાર સુંદર છે. **જૈન દર્શન** ડિંડિમનાદે જણાવે છે કે-**આત્મા** વીર્ય ફોરવે તો મહાત્મા બને છે અને કર્મનો સર્વથા જય કરે તો એના માટે **પરમાત્મપદ** નિશ્ચિત છે જ. ઈશ્વરત્વ પ્રાપ્ત કરવાનો ઇજારો અમુક વ્યક્તિને જ હોય એમ તીર્થંકર દેવ ભાષિત **અનેકાંત દર્શનમાં** છે જ નહિ. વર્ણન-વેળા મુશ્કેલી દાખવવી એનો આશય એટલો જ કે સાંભળનાર આત્માઓ એ અંગે જો પ્રતિજ્ઞા કે નિયમ ગ્રહણ કરવા ઉત્સુક હોય તો, **સૌ પ્રથમ** એનાથી પૂરેપૂરા વાકેફ થાય, અને પાલન-વેળા આવનાર વિઘ્નો કેવી રીતે ભાન ભૂલાવે છે એ વાત સમજી લ્યે. નીતિકારો એ ઉત્તમ પુરુષના લક્ષણ દર્શાવતાં જણાવે છે કે "કોઇ પણ કાર્યનો **આરંભ** કરતાં પૂર્વે એ અંગેના લાભાલાભનો યા તો ગુણદોષનો સંપૂર્ણ રીતે વિચાર કરે; પણ જ્યાં એ આરંભ્યું, એટલે પાર પાડવું જ રહ્યું, પછી એમાં જરા પણ પીછેહઠ ન સંભવે. એને માટે "कार्यम् साधयामि, वा देहं पातयामि" મુદ્રાલેખ બની રહે. જ્ઞાની ભગવંતો પણ વ્રત પાલનને અસિધારા સહ સરખાવે છે અને ગ્રહણ કર્યા પછી એના ભંગ કરનાર માટે આકરી શિક્ષા સૂચવે છે. સર્વથા વ્રત ભાંગનારની ગતિ માઠી થાય છે એમ જણાવે છે.

ગુરુદેવ, આપશ્રીની વાત મને બરાબર ગળે ઉતરી ગઇ. હવે કૃપા કરીને એના નામ તેમજ ભયસ્થાનો ટૂંકમાં વર્ણવો.

વત્સ! ગોચરીનો સમય થવા આવ્યો છે એટલે ભયસ્થાન સંબંધમાં એક મહત્વની વાત કહું અને તે એ જ કે-'આત્મા જો સદા જાગૃત હોય તો એના માટે ભયસ્થાન કસોટીરૂપ બને છે. એ વેળા જો અડગ રહે છે તો એનો પ્રગતિ માર્ગ જરા પણ રુંધાતો નથી. જોતજોતામાં એ ઉત્ક્રાંતિના પંથે આગળ વધે છે. '**સિંહ**' ને માટે વાડનું બંધન ન હોય, એમ સત્વશાળીને માટે ભીતિ જેવું પણ કંઇ જ નથી, દ્રઢતાથી એનો સામનો કરવાની વૃત્તિ હોવી ઘટે. **આઠ કર્મો.** (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર, (૮) અંતરાય. એમાં ત્રીજું અને પાંચથી સાત સુધીના ત્રણ મળી ચાર **અઘાતી** તરીકે ઓળખાય છે અને એમને જીતવા મુશ્કેલ નથી. એ સિવાયના ચાર **ઘાતીકર્મો** ગણાતા હોઇ, આત્માના મૂળ ગુણો ઉપર ઘા કરનારા છે. એમાં પણ સિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળું **મોહનીય કર્મ** જીવોના ભવભ્રમણમાં અગ્રભાગ ભજવે છે. મિત્રના લેબાશમાં રહી એ પાઠ પાછળથી ઘા કરનારું છે. એના પરિવારમાં,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપમિતિભવપ્રપંચા કથાના વર્ણન મુજબ જોઈએ. એના રાગ અને દ્વેષ નામના બે મુખ્ય પુત્રો અને ક્રોધ-માન-લોભરૂપ પૌત્રો અને માયા નામા પૌત્રી મહાજાદુગરિણી જેવી છે. આ સાતની ચુંગાળમાં ભલભલા ફસાઈ જાય છે. વીતરાગના વચન પર શ્રદ્ધા રાખી તેમણે દર્શાવેલ માર્ગે જે આત્માઓ આ રાક્ષસી માયાની જાળમાંથી છૂટવા સારુ પુરુષાર્થ આરંભે છે તેઓ જ આખરે વિજય મેળવે છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રરૂપ પાંચ ઇંદ્રિયોના ત્રેવીસ વિષયો કહેવાય છે. એમાં જિહ્વા પર કાબૂ આવે તો બાજાઓ માટે બહુ મુશ્કેલી નડતી નથી. કષાય-ના નામ ઉપર જણાવ્યા એમાં લોભને પાપનો બાપ ગણાવ્યો છે. એ ઉપર જય મેળવતાં ઘણો વિલંબ થાય છે. દશમા ગુણસ્થાનક સુધી એ આત્માની પાછળ લાગેલો છે. વ્રત આશ્રયી કહીએ તો સાધુ માટેના પાંચ મહાવ્રત-અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને પરિગ્રહ અથવા તો પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદ-વિરમણ, અદત્તાદાનવિરમણ, મૈથુનવિરમણ અને પરિગ્રહનું પ્રમાણ-ગણાય. ગૃહસ્થ માટે એવાં સંસારના સંયોગો ધ્યાનમાં રાખી, ગ્રહણ કરતી વેળા કેટલાક છૂટો રાખવી પડે-એ પાંચ અણુવ્રત તરીકે ઓળખાય. એના પાલનમાં સહાયક બનવાનું કાર્ય ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત દ્વારા થાય છે. કુલ સંખ્યા ૧૨ થાય છે. એ સંબંધી વધુ જાણવું હોય તો આવતી કાલે મધ્યાહ્ન પછી સમય મેળવવો ઇષ્ટ છે.

ધન્ય ગુરુમહારાજ, જાણવા જેવું મેં જાણી લીધું છે. હવે મને કૃષ્ણપક્ષમાં બ્રહ્મચર્યવ્રત પાળવાનો નિયમ આપો. સંસારમાં રહ્યો એટલે લગ્ન કરવા પડે અને વહેવારમાં જોડાયા વિના બીજા વ્રતો માટે ઉતાવળ ન થાય, પણ જાણ્યાનું ફળ કંઈક નિયમ લેવામાં સમાતું હોવાથી, મને ઉપર મુજબ પ્રતિજ્ઞા આપો. પ્રત્યેક માસના કૃષ્ણ પક્ષમાં સ્વપત્ની સહના વિલાસનો સર્વથા ત્યાગ. પરદારાનો ત્યાગ તો મારા કુલીન ઘરમાં વંશપરંપરાગત ચાલ્યો આવતો હોવાથી એ અંગે વિચારવાનું ન જ હોય.

ભાઈ, તારી આ પ્રકારની હાર્દિક ઇચ્છા છે તો એ આપવામાં મને વાંધો ન જ હોઈ શકે. આવો નિયમ આત્મિક નજરે લાભદાયી છે પણ શારીરિક દ્રષ્ટિએ પણ ઉપયોગી છે, કેમકે દેહનો રાજા વીર્ય ગણાય છે અને આ રીતે એનું સંરક્ષણ થાય છે.

× ×

સાધ્વીજી મહારાજ, ત્રીજા આરાના પ્રાંતભાગે થયેલ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીના જીવન સંબંધે આપે ઘણી જાણવા જેવી વાતો કહી. ભરત મહારાજે વડિલ તરીકે બ્રાહ્મીને દીક્ષા લેવાની અનુમતિ આપી અને પોતાનું સ્ત્રીરત્ન બનાવવાની ઇચ્છાએ સુંદરીને રજા ન આપી. આમ છતાં સુંદરીના હૃદયમાં પ્રવ્રજ્યા-ની લગની દૃઢ હોવાથી, રાજવી જ્યારે છ-ખંડ ધરતી જીતવા સિધાવ્યા ત્યારે પોતે આયંબિલ જેવું કઠીણ વ્રત આરંભી દીધું, અને એ દ્વારા આત્મબળ ફોરવ્યું. જો કે લૂખા અને નિરસ આહાર-ની અસર તેણીની દેહકાંતિ ઉપર થઈ જ, પણ જ્યારે ભરત મહારાજા સાધના કરી પાછા આવ્યા અને સુંદરીના દીદાર જોયા ત્યારે પ્રથમ નજરે દુઃખ થયું, અને એ પાછળનો આશય જાણ્યો ત્યારે દીક્ષા પાછળની આવી તમન્ના નિરખી આનંદ પણ થયો. પોતે રાજી થઈ એમાં સંમતિ આપી. આમ ઋષભ-દેવની બન્ને પુત્રીઓએ બાળબ્રહ્મચારિણી તરીકે ભાગવતી દીક્ષા લીધી. એ ઉદાહરણથી આપે સ્ત્રી-જાતથી કુંવારી અવસ્થામાં રહી શકાય છે અને ઇચ્છા હોય તો પવિત્ર જીવન જીવી શકાય છે એમ સાબિત કર્યું. 'દીકરો કુંવારો રહ્યો સાંભળ્યો છે પણ દીકરી ન જ રહી શકે' એવી લોકવાયકા આધાર વિનાની છે અર્થાત્ સાવ સાચી છે જ નહીં એ વાત ઉપર ભાર મૂકી મારા જેવી તરુણી ધારે તો કુંવારાપણામાં પણ સંયમના પંથે સંચરી શકે છે એ વાતની ચોખવટ કરી.

વિજયા, શ્રમણ જીવનના આચાર મુજબ, અને વ્યવહારમાં પ્રવર્તતી પ્રણાલિકા પ્રમાણે, મેં તારી સમક્ષ સૌપ્રથમ ઉત્તમોત્તમ વસ્તુ રજૂ કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ગ્રહણ કરવી જ જોઇએ એવો મારા તરફથી તને જરા પણ આગ્રહ નથી. સાધુધર્મ અને ગૃહસ્થધર્મ-રૂપ બે પ્રકારે ધર્મ આચરી શકાય છે.

તીર્થંકરદેવોએ દર્શાવેલ જૈનધર્મમાં વિવેકને પ્રથમ સ્થાન છે. 'વિનયમૂલો ધમ્મો' એ ટંકશાળી સૂત્ર છે. એને અનુસરીને સુંદરીને બ્રાહ્મીથી પાછળ રહેવું પડ્યું. પિતાની ગેરહાજરીમાં વડિલ એવા ભરતરાજનો તેણીને વિવેક સાચવવો પડ્યો. ધાર્યું હોત તો પોતાની કામના સિદ્ધ કરવા સારુ તેની પાસે ઓછા રસ્તા નહોતા. ઉદ્યાનમાં સ્થિત થયેલ પ્રભુ પાસે પણ રાવ પહોંચાડી હોત પણ એ સમજતી હતી કે પોતાના સરખી યુવતી વંશપરંપરાગત મર્યાદાનું ઉલ્લંઘન કરશે અગર તો વડિલના સામે બળવો પોકારશે તો એની અસર પ્રજાના માનસ ઉપર કેવી માઠી પડશે. કદાચ એથી પોતાનું ધાર્યું થશે, પણ એથી ધર્મના મૂળમાં આગ ચંપાશે. અંતર-મા પ્રવ્રજ્યા માટે સાચી ધગશ હતી જ એમાં શંકાને રંચ માત્ર સ્થાન નહોતું જ. એથી તેણીએ એવો માર્ગ લીધો કે જેથી 'સાપ મર્યો નહીં અને લાકડી ભાંગી નહીં.' આત્મશ્રેયના ઉપાય બતાવવાનું સાધ્વી તરીકે મારું કર્તવ્ય. બાકી ન તો એ અંગે મારો આગ્રહ હોઇ શકે કે ન તો એ માટે મારે તારા સંબંધીઓને સમજાવવાનું હોય. તારું હૃદય જે પોકારતું હોય તે જ કરવાથી લાભ છે, કેમકે દરેક કાર્યની ફળપ્રાપ્તિમાં એ પાછળ ભાવનાની પ્રાબલ્યતા જેવી જોરદાર હોય, તે ઉપર ખાસ આધાર રહે છે. 'ભાવના ભવનાશિની' એ સૂત્ર જેમ સાચું છે તેમ 'ભાવવિહૂણી કરણી છાર પર લીંપણ સમાન નિરર્થક છે' એ પણ નિતરું સત્ય છે.

પૂજ્ય, ગુરુણીજી મહારાજ, તમોએ તો કોઇ અનોખી વાત કહી દીધી. હું પણ કેટલીક શ્રમણીઓના સંસર્ગમાં આવી છું. એમાંની એક એએ તો, એક કરતાં વધુ વાર સંસારના છકાયના કૂટામાંથી ભાગી નિકળવાની સલાહ આપેલી. સાથોસાથ કહેલું કે-બ્હેન, જો અમારા જેવી સાધ્વી બનીશ તો દળવા-ખાંડવાનો કે રાંધવાદિનો કડાકૂટો કાયમનો બચી જશે. આરંભ-સમારંભ કરવાની ચિંતા ટળી જશે. સમય થતાં બે વેળા ગોચરી જવાનું અને ખપતા ભોજન વહોરી લાવવાના. શકિત મુજબ અભ્યાસ કરવાનો. બાકી તો આચારપાલનમાં દિવસ વ્યતીત કરવાનો. સવાર સાંજ પડિક્કમણ એમાં મુખ્ય લેખાય. વરસના આઠ માસ અવનવા પ્રદેશ જોવાના અને જાતજાતના માણસોના મ્હોં નિહાળવાનાં. કોઇ જાતની ચિંતાનું નામ ન મળે! એક રીતે કહીએ તો અહીં જ પૂરી સ્વતંત્રતા છે. સ્વાર્થમાં રાચતા વડિલો રાજીખુશીથી આ માર્ગે આવવાની રજા નહીં જ આપે. એ તો થોડો ચમત્કાર બતાવશો તો કામ પાર પડશે. પજવણી આરંભવી, અને કનડગતો કરવા માંડવી કે થોડા સમયમાં બેડો પાર સમજવો.

એક સાધ્વીજીને મેં પૂછેલું પણ ખરું કે-મહારાજ! આવા પવિત્ર વ્રત ગ્રહણ અંગે જરૂરી સમજ અને થોડો અભ્યાસ પણ જોઇએ ને? વળી જેમણે પાળીપોષી મોટા કર્યા તેમની આજ્ઞા વિના આવું પગલું મારા જેવીથી કેમ ભરી શકાય? એ શોભારૂપ પણ ન લેખાય. એના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે-એવું કંઇ જ નથી એ બધું અહીં આવ્યા પછી થઇ રહે. બે વખત આવશ્યકક્રિયા, પલેવણા, કાપ અને ગોચરીના સમય સિવાય અહીં આવ્યા પછી બીજું કામ પણ શું છે? ભણાય એટલું ભણો, ઓછી જ કોઇની રોકટોક છે? મારો જ દાખલો આપું. હું જ્યારે આ જીવનમાં પ્રવેશી ત્યારે પૂરું પડિક્કમણું પણ નહોતી જાણતી, જ્યારે આજે તો પાંચ પ્રતિક્રમણ ભણાવી શકું છું. કેટલાક સ્તવનો મારે કંઠે છે. વડિલો ભણતર નહોતું એટલે રોકતા હતા, પણ મેં એવી હઠ પકડી કે આખરે તેમના હાથ હેઠા પડ્યા.

મહારાજ, મેં સાંભળ્યું છે કે તમારા દીક્ષા-ગુરુણીથી તો તમો છૂટા પડ્યા છો! તેમની સાથે તમારે મેળ નથી! શું એ સાચું છે?

વિજયા, જ્યાં લગી ફાવ્યું ત્યાં લગી સાથે રહી, બાકી ઓછી જ મેં તેમની ગુલામી સ્વીકારી હતી!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મનિરીક્ષણ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આત્મનિરીક્ષણ એટલે પોતાને જ નિરખવું. આપણી આંખો જ એવી છે કે આપણું મુખ આપણે જોઇ શકતા નથી. જે જે સામે આવે તે જ આપણે જોઈ શકીએ છીએ આપણું શરીર આપણે અંશતઃ જોઇએ છીએ. પણ મુખ્ય ભાગ એટલે મુખ અગર પીઠ આપણે જોઇ શકતા નથી. અને તેથી જ આપણી બધી પ્રવૃત્તિ બાહ્ય એટલે પરકીય હોય છે. આરીસામાં આપણે આપણી મુખાકૃતિ જોઇએ છીએ છતાં એ ઊલટી જ દેખાય છે. કારણ આરીસાની યોજના જ એવી હોય છે. જમણા કાનનું ઘરેણું ડાબી બાજુ જણાય છે. એટલે સાચું વસ્તુદર્શન આપણે મેળવી શકતા નથી આપણી એ પરાધીનતા છે, પામરતા છે; છતાં આપણે આરીસામાં આપણું મ્હોં જોઇ મલકાઇએ છીએ. તેના ઉપર જરા પણ ડાઘ હોય તો તે આપણને સાલે છે. સાબુથી તે દૂર કરવા પ્રયત્ન કરીએ છીએ. એટલું જ નહીં પણ કૃત્રિમ ઘરેણાં કે રંગ પાવડર લગાવી. તેલો વિગેરે ચોળી તે સુશોભિત કરવા મથીએ છીએ. અલ્પકાળના એ કલ્પિત અને અલ્પજીવિત શોભન માટે આપણે પૈસા અને વખતનું પાણી કરીએ છીએ. પામરતાની એ હદ થઈ કહેવાય. કદાચ, શરીરમાં કાંઇક વ્યાધિ હોય, કાંઇ પીડા થતી હોય તો પછી એ બધી બાહ્યોપાધિ નિરુપયોગી થઇ જાય છે. એનો કંટાળો આવે છે. ફેંકી દેવાનું મન થાય છે. એ બધી વસ્તુ-ઓનો વિચાર કરતા આપણે કેવા ભુલાવામાં પડેલા છીએ એનું ભાન થાય છે.

જ્યારે આપણે વિચાર કરીએ ત્યારે એમ સ્પષ્ટ જોવામાં આવે છે. આપણે શરીરનું પણ નિરીક્ષણ કરી શકતા નથી. તેને પણ બરાબર રાખી શકતા નથી, તેનું પાલનપોષણ પણ યથાસ્થિત રીતે કરી શકતા નથી; કારણ કે જરા જરા સ્વાદ વધારવાથી કે વધારે પડતું કામ કરવાથી આપણું શરીર રોગવશ થઇ જાય છે. જરા જરા વાતમાં પણ શરીર કહ્યું કરતું નથી. ત્યારે આપણી પરાધીનતા કેટલી છે તેનું આપણને ભાન થાય છે, છતાં આપણા શરીરને ઘડી ઘડી આપણે પંપાળીએ છીએ. તેના માટે હદ ઉપરાંત કાળજી લઇએ છીએ. આખરે તો પુણ્ય સંચય હોય તેટલો વખત શરીર ઠીક ઠીક રહે છે અને તે પુણ્ય ઘટતા તે શરીરનો પણ કંટાળો આવે છે. કેટલાએક તો આવેશમાં પરવશ થઇ આપઘાત પણ કરી બેસે છે.

---

સ્વભાવમાં વૈચિત્ર્ય, અને એ કહે તેમ અનુસરું તો મારું બધુંયે રખડી પડે! વળી પક્ષી પણ પાંખો ફફડાવતું થયા પછી સ્વેચ્છાથી વિચરી શકે છે, તો માનવ શા માટે બાંધ્યું રહે?

પૂજ્ય સાધ્વીજી, તેમની વાત સાંભળી હું તો સડક બની ગઇ! જ્યાં આવા વિચારો રમતા હોય ત્યાં આત્મકલ્યાણ કઇ ચીડીયાનું નામ છે એ પણ જાણવું અસંભવિત છે. જવા દો એ વાત. મારે તો આપની સાથેના વાર્તાલાપમાંથી શક્તિ અનુસાર વિરતિના માર્ગે આવવું છે. મારા અંતરમાં સંસાર પ્રત્યે હાલ તો વિરાગ નથી જણાતો તેમ વડિલોની એક માત્ર પુત્રી હોવાથી તેમને છોડવાની ઉતાવળ પણ નથી. મને મહિનામાં પંદર દિવસ અખંડ શિયળ પાળવાનો નિયમ આપો. પતિગૃહે જઇશ તો પણ શુક્લપક્ષમાં વિષય સેવન નહીં કરું. આ મારી હાર્દિક તમન્ના છે.

પ્રતિજ્ઞા તો તેં ઉમંગથી લીધી અને મેં આપી પણ ખરી, હું તો ચોમાસું ઉતર્યે વિહાર કરીશ, પણ તું એના પાલનમાં અડગ રહેજે.

વિધાતાએ પણ ભારે કરી! કુંવારી અવસ્થામાં જેમને ભાવિનો કંઇ જ ખ્યાલ નહોતો એવા આ યુવક-યુવતીને વડિલોએ લગ્નગ્રંથીથી જોડ્યા. (ચાલુ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીરનો નાશ કરી જાણે બધી ઉપાધીઓથી છૂટ્યા એમ મનને મનાવવા પ્રયત્ન કરે છે. એમ છૂટકારો થતો હોય તો તો ઠીક પણ એવો આપઘાત કરનારને ખબર હોતી નથી કે એ તો ઉપાધિ ટાળવા જતા બમણી વધી ગઇ છે. શરીરનો નાશ એ તો પુદ્‌ગલ કે આત્મોની ઉપાધીનો નાશ છે. તેનું મન, બુદ્ધિ, અહંકાર સાથે આત્મા તો સલામત છે. એનો નાશ તો કલ્પી પણ ન શકાય. જ્યારે આત્મા નિઃસંદેહ કાયમ છે, તો તેનાં કર્મો કયાં જવાના છે ? એક શરીર છોડી બીજું શરીર આત્મા ભલે ગ્રહણ કરે તેથી તેનું અસ્તિત્વ કયાં જવાનું છે ? જે જે કર્મની ઉપાધી તેને વળગેલી છે તે ઉપાધી તો તેને છોડવાની જ નથી. આપણે એક કપડું ઉતારી બીજું પહેર્યું હોય ત્યારે આપણે પોતે તો કાયમ જ રહીએ છીએ. આપણું જ્ઞાન કે અજ્ઞાન કાંઇ જતું રહેતું નથી. તે તો આત્માની સાથે અભિપ્રેત જ રહેલું છે. ત્યારે નિરીક્ષણ કરવું હોય તો શરીરનું નહીં પણ આત્માનું જ કરવાનું હોય. કારણ શરીરનું નિરીક્ષણ કરવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ, છતાં તે નિરીક્ષણ સાચું થઇ શકતું નથી. આપણો આરીસો પણ દૂષિત છે તેથી આત્માનું નિરીક્ષણ સાચેસાચી રીતે કરવું જોઇએ. એ નિરીક્ષણ કરવાનો સાચો માર્ગ કયો છે ? એવો કોઇ સાચો આરીસો છે કે શું તેનો આપણે વિચાર કરીએ.

આપણી હીલચાલની આડે કોઇ પ્રાણી આવી જાય, આપણને જરા અડચણ કરે કે આપણા સુખમાં જરા જેવો અંતરાય કરે તો આપણો મિજાજ બગડી જાય છે. આપણે તિરસ્કારની લાગણી અનુભવીએ છીએ. એ પ્રાણી માટે દ્વેષ જાગે છે. એને દૂર કરવા જતા એને નુકશાન પહોંચે અગર એનું કાંઇ બગડે એના માટે આપણને જરા પણ ચિંતા થતી નથી. મોઢે અહિંસાની વાતો કરવા છતાં એવી જૈનત્વને વિરોધી હિંસા તો આપણે ચલાવી જ લેઇએ છીએ. એના માટે આપણને પશ્ચાત્તાપ જેવું કાંઇ થતું જ નથી. ઊલટું આપણી અડચણ દૂર કરવાનું સમાધાન આપણે માનીએ છીએ. મુખેથી પ્રાણાતિપાતવિરમણનો શાસ્ત્રીય અને ભાવનાબદ્ધ પાઠ ઉચ્ચારીએ, પણ પ્રત્યક્ષ-માં તે દ્વેષ તો સુખેથી આપણે ચલાવી લઇએ છીએ. રેલવેના પ્રવાસમાં આપણા જેટલો જ બેસવાનો હક ધરાવનારા બીજા સહપ્રવાસી ઊભા હોય ત્યારે આપણે લાંબા થઇ સૂઇ રહીએ ત્યારે આપણે કેવું વર્તન કરીએ છીએ એનો જરા વિચાર કરતાં આપણા આત્મા-ની કસોટી સીધી જોવામાં આવશે. આપણે અહિંસાનું વ્રત તેના સાચા સ્વરૂપમાં કેટલું પાળવું એનો જરા વિચાર કરી લઇએ. આ તો અન્ય પ્રસંગોની વાત થઇ, પણ ખાસ આલોચના કરવા, પાપોચ્ચાર કરી દેવગુરુની અને આત્માની સાથે મિચ્છામિ દુક્કડં આપવા માટે પ્રતિક્રમણ જેવું અમૃતાનુષ્ઠાન કરવા જઇએ છીએ ત્યારે આપણા મનથી આપણે માની લીધેલો આપણો દરજ્જો વટાવી બીજો કોઇ આપણી ધારેલી જગ્યાએ બેસી ગએલો હોય ત્યારે આપણે મિજાજ ખોઇ બેસીએ, લડાલડી કરીએ, જબરીથી તેનું આસન ફેંકી દેઇએ અને જરૂર જણાતા કોર્ટની હેલડી ઉપર જઇ પોતાના અપમાનની ફરિયાદ નોંધા-વીએ એ આપણી મોટાઇ કે પામરતા ? જ્યાં એકાદ અંશ જેટલા ઝીણામાં ઝીણા પાતકની આલોયણા કરવાની હોય ત્યાં આવી ધાંધલ અને અહંભાવનું પ્રદર્શન થાય ત્યારે આપણા જૈનત્વનું લીલામ જ થયું ગણાયને ! વ્યાખ્યાન સાંભળવા આવનારાઓમાં એકાદ ગરીબ જિજ્ઞાસુ આગળ બેસી ગએલો હોય ત્યારે તેને ધકેલી શ્રીમાન્ આગળ જઇ બેસે એ નાલાયકી કે બીજું કાંઇ ! મંદિરોમાં, ઉપાશ્રયોમાં, અનુષ્ઠાનોમાં અને એવા જાહેર ધર્મ કે સમાજના કાર્યમાં આપણે કેટલાઓને દુભવ્યા હશે એનો વિચાર કરતા આપણા પ્રાણાતિપાતવિરમણ વ્રતના કેટલા ભેદો આપણે ઉલંઘ્યા એનું જરા એકાંતમાં પોતાના મન સાથે નિરીક્ષણ કરી જોતા આપણને બીહામણું લાગ્યા વગર નહીં રહે.

જરા જરા વાતોમાં આવેશમાં આવી જઇ આપણે અસત્યપાલન કરીએ અને તેને માટે જરા પણ ખેદ ન થાય. વેપાર, લેવડદેવડ, ધાર્મિક કે સામાજિક કાર્યમાં બડાશ હાંકતા આપણે નિઃસંકોચપણે અસત્ય બોલીએ છીએ અને તે પછી જતા આપણી પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુરાઇ–હોશિયારી માટે મનમાં ને મનમાં મલકાઇએ છીએ એ માટે આપણે કેવા કર્મબંધન કરી લીધા છે એનો જરાએ વિચાર આપણે કરીએ છીએ ?

ઇરાદાપૂર્વક સામા ધણીને અંધારામાં રાખી તેની સંપત્તિનું વગર સંકોચે હરણ કરતી વેળા આપણા કર્મબંધનોની શીશીનો પારો કેટલો ઊંચે ચઢી ગયો છે અને તેના વિપાકો આપણે કેટલા કાળ સુધી ભોગવવા પડશે એનો વિચાર કરતા આપણી લાયકાત અનુભવમાં આવશે. એ જ આપણી સાચી તસવીર આપણે જોતા શીખવું જોઇએ. આપણા માર્ગમાં એકાદ કીંમતી વસ્તુ પડેલી હોય, કોઇ દેખતું નથી એવી આપણી ખાત્રી હોય, સ્હેજે પચી જશે એમાં આપણને શંકા ન હોય ત્યારે આપણા મનનો સંયમ કેટલો રહે છે એ જરા શાંતિથી નિરીક્ષણ કરો એટલે પોતાનું સ્થાન ક્યાં છે? એનું આપણને ભાન થશે. આપણા મનમાં કરેલ એકાદ પાપ ખૂંચતું હોય, ઘડી ઘડી મનોવેદના સતાવતી હોય ત્યારે આપણે થોડા સો અગર થોડા હજાર રૂપીઆ ધર્મ ખાતે ખરચી નાખવાનો સંકલ્પ કરીએ છીએ અને એમ કરી મનની વેદના સમાવવાની અને લોકોમાં જાહેર વાહવાહ મેળવવાની યુક્તિ રચીએ છીએ. અને એમ કરી કર્મરાજાને પણ ઠગવાનો આપણે પ્રયત્ન કરીએ છીએ, પણ એમ બધું પતી જતું હશે ? ધર્મ અને પુણ્ય–બજારમાં ખરીદાતું હશે ? એમાં મનને મનાવવાની આપણી યુક્તિ એકાદ ચોરને પણ મહાત કરવા જેવી નથી લાગતી ? એ બધા માટે તો કર્મરાજાના હાથ ઘણા લાંબા છે. ધ્યાનમાં રાખી કાંઇક કરતા શીખવું એ આપણી ફરજ છે.

મનમાં આપણે ગુપચુપ અને પાપકર્મો મનથી જ કરતા હોઇએ અને માની લઇએ કે એ કોઇ જાણતું નથી. એમાં તો આપણે ભીંત ભૂલીએ છીએ. કર્મની દૃષ્ટિ એટલી લાંબી છે કે આપણા મનના ઓરડામાં પણ તે પ્રવેશી જોઇ શકે છે. એના કાન એવા તીવ્ર છે કે, તે આપણા સૂક્ષ્મમાં સૂક્ષ્મ ધ્વનિને પણ સાંભળી શકે છે. એમાંથી છૂટવાનો આપણા માટે એકે રસ્તો ખુલ્લો નથી. એ માટે તો સાચા વિચાર–નિરીક્ષણમાં આપણા આત્માનું સ્થાન જોઇ નક્કી કરી તેમાંથી છૂટવા માટે સંયમ, તપ, પ્રાયશ્ચિત્ત વિગેરે બધા ઉપાયો અજમાવી લેવા જોઇએ. આત્મ-સ્વરૂપ વધારે શુદ્ધ–નિર્મળ થાય એ જોવું જોઇએ. ફરી દોષ ન થાય એ માટે સાવચેત રહેવું જોઇએ. પોતાના દોષ જણાતા મોહરાજાના ફંદામાં નહીં ફસાતા કર્મો ઓછા કરતા શીખવું જોઇએ. પોતાના દોષ હિંમતભેર જાહેર કરતા પાતકનો તરત પરિહાર થાય છે. છેવટ ગુરુ પાસે તો પોતાના આત્માનું સાચું સ્વરૂપ બતાવવું જ જોઇએ. એમ કરવાથી જ કાંઇક આશ્વાસન આપણે મેળવી શકાએ.

આત્મનિરીક્ષણ કરવા માટે જ પરમ દયાળુ શાસ્ત્રકારોએ અનેક અનુષ્ઠાનોની યોજના ઇરાદાપૂર્વક કરેલી છે. આપણામાંના કેટલાયેક બંધુઓ એવા અનુષ્ઠાનો કરે છે પણ ખરા, પણ અનુષ્ઠાનો સાચા સ્વરૂપમાં આત્માની સાથે ઓતપ્રોત થઇ સમજણ-પૂર્વક સૂત્રાર્થનો પરમાર્થ માત્ર કેટલા કરતા હશે એ એક સમસ્યા જ છે. દેખાદેખી, આવેશમાં આવી, ગમે તેમ પૂરું કરવાની વૃત્તિથી જ ઘણા અનુષ્ઠાનો કરાય છે તેથી આત્માને કેટલો લાભ થાય છે એ પ્રશ્ન જ છે, માટે આપણા આત્માનું સાચું સ્વરૂપ જોવા શીખવું જોઇએ, તેમાં જો દોષ જણાય તો શોધી દૂર કરવા પ્રયત્નશીલ થવું જોઇએ, એ દરેક જૈન નામ ધારણ કરનાર વ્યક્તિની ફરજ છે.

સામાયિકમાં
વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
જ્ઞાનસાર–ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨–૦–૦
લખો:—શ્રી જૈન ધર્મપ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળે કોઇ વાત વિસ્તારથી આવતી હોય તો તેનું બીજે સ્થળે સૂચન કરી દીધું છે, પણ ભગવાને કંઇ સૂચન કર્યું નથી, કેમકે ભગવાનના અતિશયમાં કહ્યું છે કે–"अखेदितया देशनां वक्ति" એટલે ખેદ પામ્યા વગર દેશના આપે છે. સૂચના તો ખેદવાળાને હોય, તેથી જણાય છે કે સૂત્રમાં જે જે સૂચન કર્યું છે તે સર્વ દેવર્દ્ધિગણીના વાક્ય છે, એમ વૃદ્ધ પુરુષોના મુખથી સંભળાય છે. ॥ ૧૮ ॥

પ્ર૦—(૧૯) નિશીયસૂત્રમાં કહ્યું છે કે-ગૃહસ્થને ભણાવે તો સાધુને પ્રાયશ્ચિત્ત આવે; તો પછી પ્રકરણ અને પ્રતિક્રમણ આદિ શા માટે ભણાવો છો ?

ઉ૦—લૌકિક પાપસૂત્ર જ્યોતિષ, વૈદ્યક વિગેરે ભણાવે અથવા દ્રવ્ય ગ્રહણ કરવાની બુદ્ધિથી પ્રકરણ વિગેરે ભણાવે તો મુનિને પ્રાયશ્ચિત્ત આવે, પણ આત્મસાધનની બુદ્ધિથી અન્ય ધર્મમાર્ગનો વ્યવચ્છેદ કરવાને માટે ભણાવે તો પ્રાયશ્ચિત્ત ન આવે. ॥૧૯॥

પ્ર૦—(૨૦) જ્ઞાતાધર્મકથાંગ સૂત્રમાં વર્ષા ઋતુના અભાવે શેષ કાલમાં શૈલક મુનિને પાટ–પાટલા આદિ ધારણ કરવાથી પાસત્થા અને કુશીલતાના દોષો કહ્યા છે, તો પછી વ્યાખ્યાન વખતે પાટ કેમ વપરાય છે ?

ઉ૦—ગીતાર્થને વ્યાખ્યાન વખતે પાટ વાપરવી જ જોઇએ. જો પાટનો ઉપયોગ ન કરે તો જિન-વચનને દીપાવવાની હાનિનો પ્રસંગ આવે, પાટ ન હોય તો ઊંચી ભૂમિ પર બેસીને દેશના આપવી જોઇએ. પણ સભા પ્રમાણે સ્થાન ઉપર બેસીને દેશના ન આપવી, જેને માટે ગીતાર્થપદ્ધતિ ગ્રંથમાં કહ્યું છે કે–"सो चिट्ठइ कट्ठासणे, देइ पीढं तु पच्छिमे भाए ॥ गीयत्थो सो उज्जमइ, देइ वक्खाण सोच्चाणं ॥ १२४ ॥ पीढाभावे गीयत्थो चिट्ठइ उच्चयर भूमी भागम्मि ॥ जइ परिससमो भवइ, सो लहइ बहुलमहादोषा ॥ १२५ ॥ जिणवयणं न य सोहइ न पिच्छइ परिसमपि मुहकमलं ॥ अद्दिट्ठे अट्ठरसं बुधपुरिसा न पावए खिप्पं ॥ १२६ ॥ ભાવાર્થ–ઉદ્યમશીલ ગીતાર્થ મુનિ લાકડાની પાટ ઉપર બેસે, પીઠના ભાગમાં પાટિયું રાખે અને પછી શ્રોતાઓને વ્યાખ્યાન આપે, લાક-ડાની પાટ ન હોય તો ઉચ્ચતર ભૂમિ પર બેસીને દેશના આપે, પણ જો સમાન ભૂમિ ઉપર બેસીને દેશના આપે તો તે ગીતાર્થ ઘણા મહાન્ દોષોને પામે. શ્રોતાઓની સાથે સમાન ભૂમિ પર બેસવાથી જિનવચન શોભે નહિ, સભા વક્તાના મુખકમલને જોઇ શકે નહિ, અને વક્તાના મુખ ન દેખાવાથી પંડિત પુરુષોને જલ્દી આનંદ આવે નહિ, તેથી ગીતાર્થમુનિ વ્યાખ્યાન અવસરે પાટનો ઉપયોગ કરે છે. શૈલક મુનિના અધિકારમાં તો દારૂનો ઉપયોગ કરવાથી પ્રમાદને લીધે રોગના અભાવે વિહાર કર્યો નથી, સરસ આહારાદિકમાં આસક્ત થવાથી પાસત્થા-પણું થયું છે, પણ ભોજન ગ્રહણ કરવાથી કંઇ પાસત્થાપણું થયું નથી, જો આસક્તિ રાખવાથી પાસત્થાપણું થતું હોય તો સૂત્રકારે સર્વ વસ્તુમાં પાસ-ત્થાપણું કહ્યું હોત, જેમ કોઇ ચોરે ઘરમાંથી કોઇ વસ્તુ લીધી હોય ત્યારે ઘરધણી કહે કે મારું બધું લૂંટી લીધું તેની માફક આ પણ જાણવું, શીત કે ઉષ્ણકાલમાં પણ જીવની ઉત્પત્તિ થઇ હોય, અથવા બીમારીનું કારણ હોય તો પાટનો ઉપયોગ કરવો તે યોગ્ય જ છે, તે વાત તો નિશીથસૂત્રમાં પ્રસિદ્ધ છે. ઋતુબદ્ધ કાલમાં પાટ–પાટલા આદિ વસ્તુ તેના માલિકની આજ્ઞા લઇને વાપરવી કલ્પે છે ॥ ૨૦ ॥ (ચાલુ)

શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા [નવી આવૃત્તિ– અર્થ સાથે]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની સુધરેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે. કિંમત માત્ર પાંચ આના.

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મા‌નવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

પ્રચારાર્થે મૂલ્યમાં ઘટાડો........................................જરૂર મંગાવી લ્યો

## બે પ્રતિક્રમણ સૂત્ર-સાર્થ

[ અર્થ, ભાવાર્થ ને વિવેચન યુક્ત ]

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તેમજ રાજનગર ધાર્મિક પરીક્ષા વિગેરેના અભ્યાસક્રમ આમાં આપવામાં આવ્યો છે, તદુપરાંત સ્તવનો, છંદો, સજ્ઝાયો વિગેરે ઉપયોગી સામગ્રી આપવામાં આવી છે. પ્રચારાર્થે મૂલ્યમાં ઘટાડો કર્યો છે. કિંમત રૂા. ૧–૮–૦

વિશેષ નકલો મંગાવનારાએ અવશ્ય તરત જ પત્રવ્યવહાર કરવો.

## અધ્યાત્મકલ્પદ્રુમ (શ્રી મહાવીર જૈન વિદ્યાલય–પ્રકાશન)

લેખક–રત્નચંદ મૌક્તિક

ખરેખર જ આત્માની સાચી શાંતિ મેળવવી હોય તો આ ગ્રંથ અવશ્ય વાંચો. સુવર્ણ સરીખા આ ગ્રંથનું વિશેષ વર્ણન શું કરવું ? આ ચોથી આવૃત્તિ જ તેની ઉપયોગિતા જાહેર કરે છે. પાકું હૉલ કલૉથ બાઈંડીંગ, સુંદર જેકેટ, ક્રાઉન આઠ પેજી, ૪૮૦ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂા. ૬–૪–૦ લખો:–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર.

જિનભક્તિ માટે અનેરો કાવ્યસંગ્રહ

## બાલેન્દુ કાવ્યકૌમુદી

આપણી સભાના સભાસદ બંધુઓને આ પુસ્તક ભેટ તરીકે આપવામાં આવેલ છે, પરન્તુ જેઓ સભાસદ નથી તેઓ આ પુસ્તકની માગણી કરતા હોવાથી માત્ર જૂજ નકલો વેચાણ માટે ફાજલ પાડવામાં આવી છે.

પાકું બાઈંડીંગ, સફાઈદાર છાપકામ, ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૯૪

મૂલ્ય માત્ર રૂપિયા બે

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


## સ્વાધ્યાયરત્નાવલી

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી સજ્ઝાય યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૪–૦ પોસ્ટેજ અલગ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## ઘણા જ સમયથી જે ગ્રંથ અલભ્ય હતો

### તે તાજેતરમાં જ બહાર પડ્યો છે

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (વિભાગ પહેલો)

### (અધ્યયન ૧૫)

[મૂળ, સંસ્કૃત છાયાનુવાદ, ગુર્જર ભાષાનુવાદ અને કથા સહિત]

ભગવંત મહાવીરની અંતિમ દેશનાના ફળસ્વરૂપ આ ગ્રંથની ઉપયોગિતા માટે કહેવાનું જ શું હોય? વૈરાગ્ય તેમજ વિજ્ઞાનથી ભરપૂર આ ગ્રંથ અવશ્ય વાંચવા યોગ્ય છે. કેટલાય સમયથી આ ગ્રંથની નકલ મળતી નહોતી. હાલમાં જ પ્રતાકારે ઊંચા લેઝર પેપર ઉપર છપાવવામાં આવેલ છે. પૂ. સાધુ–સાધ્વીજીઓ નકલો ઓછી હોવાથી તરત જ મંગાવી લેવા કૃપા કરવી. પ્રતાકારે પૃષ્ઠ ૬૦૦ મૂલ્ય રૂપિયા દસ લખો:–શ્રી જૈ. ધ. પ્ર. સ. ભાવનગર

## શ્રી આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન

### અને પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

લેખક–વિવેચક : ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

"શ્રી જૈનધર્મ પ્રકાશ"ના વાચક શ્રી ભગવાનદાસભાઈથી ભાગ્યે જ અપરિચિત હશે. તેઓશ્રી "પ્રકાશ"માં આત્મજાગૃતિ અને તત્ત્વસંવેદનારૂપ લેખો લખી પોતાની કલમનો કૃપાપ્રસાદ પીરસી રહ્યા છે. આ પુસ્તકનું પ્રકાશન પણ "શ્રી જૈનધર્મ પ્રકાશ"માં તેઓશ્રીની લેખમાળારૂપે પ્રકાશિત થયેલા લેખોનું જ છે. ફક્ત શ્રી અજિતનાથ અને શ્રી સંભવનાથ એ બે પ્રભુના સ્તવનને અંગે તેઓશ્રીએ લગભગ સાડા ત્રણસો પાનામાં રોચક ને હૃદયંગમ શૈલીએ વિવેચન કર્યું છે.

આશરે ૪૦૦ પૃષ્ઠના પાકા હૉલક્લોથ બાઈંડીંગના આ પુસ્તકની કીંમત પ્રચારાર્થે માત્ર રૂ. દોઢ લખો:–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર.


મુદ્રક : સાધના મુદ્રણાલય :: દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only